|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત વાર્ષિક પરીક્ષા **જૈનશાળા/મહિલામંડળનું પેપર**
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમયઃ બપોરે ૨ થી ૫ • શ્રેણી : **૧૫** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 15)**

પ્ર. : ૧. નીચેની ગાથાઓ ભાવાર્થ સહિત પૂર્ણ કરો : (૪૦)

ક) (૧) કલ્લાણ .......... જીવદયા ૧૮

(૨) એગે .......... જિણામહં

(૩) સંસાર .......... ઉવેંતિ

(૪) એગો .......... લક્ખણા

(૫) છંદં .......... મોક્ખં

(૬) પંચ .......... તિત્થં

ખ) નીચેમાં માગ્યા પ્રમાણે જવાબ આપો : ૧૪

(૧) ચાર પ્રકારના દેવોની વાત જે ગાથામાં આવે છે તે ગાથા કયા આગમના કયા અધ્યયનની છે? તેમાં શેનું ફળ બતાવવામાં આવ્યું છે? ચાર પ્રકારના દેવો કયા કયા છે?

(૨) ભારંડ પક્ષી કેવું છે ? તેની માત્ર ગાથા લખો.

(૩) પ્રભુનો શ્વાસોચ્છ્વાસ અને દેહની સુગંધ કોના જેવી છે ? જાતિ અને કુળ કોને કહે છે ? પ્રભુની સેવામાં કેટલા ઇન્દ્રો છે ?

(૪) તીર્થંકર નામકર્મ બાંધવાના કારણ કેટલાં ? તે ગાથા કયા આગમના આધારે છે ? કેટલી ગાથા બતાવી છે ? તેમાં ૪થું, ૧૧મું કારણ બતાવો.

(૫) સિદ્ધ ગતિ તથા વૈમાનિક દેવલોકના દ્વાર ઉઘાડનાર માર્ગ બતાવતી ગાથા લખો. (માત્ર ગાથા)

(૬) પ્રતિહાર્ય કેટલા છે ? ફક્ત તેના નામ લખો.

(૭) ચાર કષાયના નામ આવતા હોય તે ગાથા લખો.

ગ) નીચના શબ્દોના અર્થ લખો : ૪

૧) પલિત્તમ્મિ ૨) પાસ ૩) પયાઈ ૪) પવયણે ૫) અમલા ૬) અણુગયા
૭) અવંગુય ૮) આસે.

ઘ) નીચેના અર્થના મૂળ શબ્દ લખો : ૪

૧) અનાશ્રવ ૨) ગુણકીર્તન ૩) ભયંકર ૪) રોકનાર ૫) વર્ષો ૬) દુઃખી
૭) ગ્રહ કરવાથી ૮) નિર્જરા

પ્ર. : ૨. છ લેશ્યાના આધારે જવાબ લખો : (૧૫)

ક) (૧) લેશ્યાનો અધિકાર કયા આગમનું કેટલામું અધ્યયન છે ? ૨
તેમાં કેટલા દ્વાર છે ? લેશ્યાના પ્રકાર કેટલા છે તેની ફક્ત સંખ્યા લખો.

(૨) તેજો લેશ્યાના લક્ષણો લખો. ૨

(૩) પદ્મ લેશ્યાનો વર્ણ અને કાપોત લેશ્યાનો સ્પર્શ કેવો છે તે લખો. ૨

(૪) નીલ લેશ્યાનો રસ અને શુક્લ લેશ્યાની ગંધ કેવી છે તે લખો. ૨

(૫) પાંચેય સ્થાવરમાં કેટલી અને કઈ કઈ લેશ્યા છે તે લખો. ૩

ખ) નીચેનાને કઈ લેશ્યા હોય : ૩

૧) સીમંધર સ્વામી ૨) સૂર્યદેવ ૩) પાંચમી નરકના નારકી ૪) ખોટા વચન બોલનાર
૫) ત્રીજા દેવલોકની દેવી ૬) જીતેન્દ્રિય

ગ) નીલ લેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો : ૧

(પાછળ જુઓ)

પ્ર. : ૩. અષ્ટ પ્રવચન માતાના આધારે જવાબ લખો : (૧૫)

(૧) સાધુ દ્રવ્યથી અને ક્ષેત્રથી કેવી રીતે ચાલે ? ૨

(૨) એષણા કેટલા પ્રકારની છે તે સમજાવો ૩

(૩) ભાવથી પરઠવાની વિધિ સમજાવો. ૩

(૪) વચનગુપ્તિ અને કાયગુપ્તિ દ્રવ્યથી અને ભાવથી સમજાવો. ૨

(૫) સાધુ દ્રવ્યથી કેટલા પ્રકારની ભાષા ન બોલે, નામ લખો. ૨

(૬) નીચેના બોલ કઈ સમિતિ કે ગુપ્તિના છે તે લખો. ૩

૧) યત્ના ૨) પછેડી ૩) વિષય-કષાય ન કરે ૪) ધુમ ૫) આલંબન
૬) શરીરની શુશ્રુષા ન કરે.

પ્ર. : ૪. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ આપો : (૧૫)

ક) પાઠપૂર્તિ કરો :

(૧) અકપ્પો ............ અણિચ્છિયવ્વો ૨

(૨) પડિક્કમામિ ............ પચ્ચક્ખાય ૨

(૩) જીવ અનર્થા દંડે કેટલા પ્રકારે દંડાય છે તેના મૂળ શબ્દો અર્થ સહિત લખો. ૨

(૪) નીચેના શબ્દોનું માગધી લખો : ૨

૧) અંગીકાર કરું છું ૨) નહીં કરવા વડે ૩) અતિચારને વિષે
૪) લાખ રંગ મીણનો વેપાર કર્યો હોય.

(૫) નીચેના શબ્દાના અર્થ લખો : ૨

૧) દુરુહીને ૨) પીઢ ૩) મુચ્યંતિ ૪) સંઘાઈયા

ખ) મોટા માંગલિકના આધારે જવાબ લખો :

(૧) પ્રભુના ચરણમાં સમર્પણ કરવાથી શું ક્ષય થશે ? અને શું પ્રગટ થશે ? ૨

(૨) અરહા શરણં મુજને હોજો ............................ પૂર્ણ કરો. ૨
સિદ્ધા શરણં મુજને હોજો ............................ પૂર્ણ કરો.

(૩) ચીકણી કર્મની પ્રકૃતિના નામ લખો. ૧

પ્ર. : ૫. ભક્તામરના આધારે જવાબ આપો : (૧૫)

નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સાથે લખો.

(૧) ગંભીર ............. પ્રવાદી ૪

(૨) સ્વર્ગા ............. પ્રયોજ્ય ૪

(૩) કુન્દા ............. શાંતકૌમ્ભમ ૪

(૪) ભગવાનને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર શા માટે કહ્યા છે ? ૩

અ થ વા

પ્ર. : ૫. વાર્તાના આધારે જવાબ આપો : (૧૫)

(૧) એક વખત પરદેશી રાજાએ ચિત્ત સારથિને કયા નગરમાં, કયા રાજા પાસે મોકલ્યા તેનું નામ લખો. શા માટે મોકલ્યા હતા ? ૨

(૨) જીવ કયા કારણે કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળી શકે છે તેના બે કારણ લખો. ૨

(૩) પરદેશી રાજાએ સહુ પ્રથમ વખત કેશીસ્વામીને જોયા ત્યારે ચિત્તને શું પૂછ્યું ? વિસ્તારથી લખો. ૩

(૪) નારકી શા માટે મનુષ્યલોકમાં આવી શકતા નથી ? કોઈ પણ બે કારણ લખો. ૨

(૫) પરદેશી રાજાએ, કેશીસ્વામી સાથે વિપરીત વ્યવહાર શા માટે કર્યો હતો ? ૧

(૬) પરદેશી રાજા કયા કાળમાં, કયા દ્વિપમાં, કયા ક્ષેત્રમાં ? અને કયા દેશમાં થઈ ગયા ? ૨

(૭) પરિષદ કેટલા પ્રકારની છે ? ફક્ત નામ લખો. વ્યવહારકર્તા કેટલા પ્રકારના છે ? ફક્ત સંખ્યા લખો. ૨

(૮) કેશીસ્વામી કયા આરામાં થયા ? તેમને કેટલા શિષ્યો હતા ? ૧

''જય જિનેન્દ્ર''